ગાંધીનગર સમાચાર
તા. ૧૦-૧૧-૨૦૧૪, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### સચીનની આત્મકથામાં અવનવા ઘટસ્ફોટ

ક્રિકેટના ભગવાન તરીકે ઓળખાતા દંતકથારૂપ ખેલાડી 'ભારત રત્ન' સચીન તેંડુલકરે આત્મકથા લખી છે. સામાન્ય રીતે સેલિબ્રિટી બની ગયેલા મહાનુભાવો એમના જીવનનો જાતે જ ચિતાર આપે તેવું સમાજ ઈચ્છતો પણ હોય છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીથી લઈ મોરારજી દેસાઈ અને લાલકૃષ્ણ અડવાણી કે કુંવર નટવરસિંહ સુધીના નેતાઓ તથા પૂર્વ રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામ જેવા વિચક્ષણ વૈજ્ઞાનિક અને શ્વેતક્રાંતિના પ્રણેતા વર્ગીસ કુરિયન સુધીના મહાનુભાવોની આત્મકથાઓ ઉપલબ્ધ થઈ છે. સિને અભિનેતા દેવાનંદ અને દિલીપકુમારે પણ આત્મકથા લખી છે અથવા લખાવડાવી છે. સચિન કોઈ સામાન્ય હસ્તી નથી. ખેલ જગતના આ વિશ્વનાયકની આત્મકથાનું શીર્ષક પણ એને અનુરૂપ છે : 'પ્લેઈંગ ઈટ માય વે.' સચિન માટે ક્રિકેટ એ જ જીવન છે. બાકીનું બધું જ આનુષંગિક છે અને ગૌણ છે. એને રાજયસભાના સભ્ય પદે નિયુક્ત કર્યા પછી કોંગ્રેસ પાર્ટીના પ્રચાર માટે અનુરોધ કરાયો ત્યારે એણે સ્પષ્ટ શબ્દોમાં નન્નો ભણી દઈને એનામાં ધબકતા ખેલાડીનું ગૌરવ સાચવી લીધું હતું. આવો સચીન જયારે વિશ્વકપમાં ભારતની કારમી હાર માટે કોચ ગ્રેગ ચેપલને કઠેડામાં ઊભા કરી દે છે, ત્યારે સાત વર્ષ પછી એ દુ:ખદ ઘટનાનું ગોપનીય રહસ્ય છતું થાય છે. ગ્રેગ ચેપલ ઈન્ડિયન ટીમને ગળી ગયા હતા અને એને વધુમાં વધુ નુકસાન પહોંચાડવા કૃત સંકલ્પ હતા. સચિનને સામે ચાલીને એમણે કેપ્ટનશીપની ઓફર કરી હતી. તેઓ રાહુલ દ્રવિડને હટાવવા માગતા હતા પરંતુ સચીને એમને દાદ દીધી નહોતી. સચીને કરેલા તમામ આક્ષેપો એની આત્મકથાના પ્રકાશન પછી વિગતે ચર્ચાશે. સચીનના તમામ આક્ષેપોને તે વખતની ભારતીય ટીમના ખેલાડીઓ સમર્થન આપી રહ્યા છે. વીવીએસ લક્ષ્મણ કહે છે કે તે વખતે ડ્રેસિંગ રૂમની અવદશા તો જેણે અનુભવી છે તે જ વર્ણવી શકે. ગ્રેગ ચેપલ મેચ ફિક્સિંગમાં પણ સામેલ હોઈ શકે છે. ભારતીય ક્રિકેટ જયારે વિશ્વમાં વિશ્વસનીય ખેલ તરીકે વખણાય છે ત્યારે એને ખતમ કરવાના કારસા પણ વિવિધ સમયે અને વિવિધ સ્તરે થતા જ રહ્યા છે, તેનો અહેસાસ સચીનની આત્મકથા દ્વારા થયા વગર રહેશે નહીં. ખુદ ક્રિકેટ એસોસિએશનના પદાધિકારી રાજીવ શુક્લ પણ સચીને એ સમયે ગ્રેગ ચેપલ વિરુદ્ધ એમને ફરિયાદ કરેલી, એ વાત કબૂલે છે. જો કે ચેપલ તો ભર્યા તળાવમાંથી કોરેકોરા નીકળી જવાની જ પેરવી કરશે, પરંતુ એમનો સાચો ચહેરો ખુલ્લો પડી ગયો છે એમાં શંકાને સ્થાન નથી.







## સે-૩ સ્થિત પ્રજાપિતા બ્રહમકુમારી વિદ્યાલયમાં મહેંદી અને નેઈલ પેઈન્ટિંગ સ્પર્ધા યોજાઈ

સેકટર-૩માં આવેલ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સેવા કેન્દ્ર ખાતે મહેંદી સ્પર્ધા અને નેઈલ પેઈન્ટિંગ સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધામાં ૫૦થી વધુ બહેનોએ ભાગ લીધો હતો. ગાંધીનગરનાં સેકટર-૩માં પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું સેવા કેન્દ્ર આવેલું છે. સેવા કેન્દ્ર ખાતે આજે રવિવારે મહેંદી સ્પર્ધા અને નેઈલ પેઈન્ટીંગ સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધાનો શુભારંભ ચિમનભાઈ સદાદિયા સંયુકત સચિવ વહીવટી વિભાગ સચિવાલય દ્વારા કરાવવામાં આવ્યો હતો. બહેનોમાં રહેલી કલા ઉજાગર થાય અને તેઓ સ્વનિર્ભર બને તે હેતુથી હેંદી સ્પર્ધા અને નેઈલ પેઈન્ટીંગ સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધામાં ૫૦થી વધુ બહેનોએ પોતાનામાં રહેલી કળાને બહાર લાવવાનો પ્રયત્ન કર્યો હતો. આ પ્રસંગે બ્રહ્માકુમારી દીદીએ જણાવ્યું હતું કે પરમપિતા શિવ પરમાત્માનો દિવ્ય સંદેશ આવ્યો હતો અને કહ્યું હતું કે મેડીટેશન કરવાથી આપણામાં રહેલી કલાઓનો મોટા પાયે વિકાસ થાય છે. સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર બહેનોને ઈનામથી નવાજવામાં આવ્યા હતા આ પ્રસંગે મોહનભાઈ પટેલ માજી ધારાસભ્ય પાટણ, ચંદ્રવદન ચોકસી નિવૃત્ત પ્રોફેસર, બ્ર.કુ. મનોજભાઈ ઉપસ્થિત રહ્યા હતાં.

## રાજકોટ ખાતે અંદાજિત ૯.૫ કરોડના ખર્ચે તૈયાર થનાર સિન્થેટિક એથ્લેટિક ટ્રેક તથા ટેનિસ કોર્ટનું ખાતમુહૂર્ત સંપન્ન

ગાંધીનગર, તા. ૯

ગુજરાતના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, યુવા ખેલાડીઓને પસંદ કરવા અને તેમની ઉત્તમ કારકિર્દી ઘડવા રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. ખેલાડીઓ માટે જે ખુટે છે તે પૂર્ણ કરવાનું કામ રાજ્ય સરકારે પુરૂ પાડ્યું છે. આ માટે શ્રી પી.ટી. ઉષા જેવા અર્જુન એવોર્ડ વિજેતા ખેલાડીને આમંત્રણ પાઠવી પસંદગી પ્રક્રિયામાં જોડવામાં આવ્યા છે. તેમણે ઉત્તમ ખેડીઓ તૈયાર થાય તેવા પ્રકારનું ગ્રાઉન્ડ નિર્માણ કરવા બદલ રાજકોટ કોર્પોરેશનને અભિનંદન પાઠવ્યા હતા.

રાજકોટ મહાનગરપાલિકા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત અંદાજિત રૂ. ૯.૫ કરોડના ખર્ચે તૈયાર થનાર સિન્થેટિક એથ્લેટિક ટ્રેક તથા ટેનિસ કોર્ટનું ખાતમુહૂર્ત મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ તથા ઉપસ્થિત મહેમાનોએ સંપન્ન કર્યુ હતું. જ્યારે તક્તિનું અનાવરણ વિશેષ ઉપસ્થિત મહેમાન શ્રી પી.ટી. ઉષાના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મંત્રીશ્રીએ આ ગ્રાઉન્ડ તૈયાર થતા રાજકોટનું નામ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે લેવાશે તેમ જણાવી કોર્પોરેશન દ્વારા ખેલાડીઓ માટે ઉભી કરાયેલ સુવિધાઓનો બહોળા પ્રમાણમાં લાભ લેવા પસંદગી મેળામાં ઉપસ્થિત ખેલાડીઓને અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમના પ્રારંભે ડેપ્યુટી મેયરશ્રી ઉદયભાઈ સ્વાગત પ્રવચનમાં યોજનાકિય રૂપરેખા આપી રજુ કરી હતી. આ પ્રસંગે કૃષિરાજ્ય મંત્રીશ્રી ગોવિંદભાઈ પટેલ, ધારાસભ્ય શ્રીમતિ ભાનુબેન બાબરિયા, અતિથિવિશેષ શ્રી પી.ટી. ઉષા, પૂર્વ મેયરશ્રી ધનસુખભાઈ ભંડેરી, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનશ્રી નીતિનભાઈ ભારદ્વાજ, વિપક્ષી નેતાશ્રી ગાયત્રીબા વાઘેલા, ભાજપ અગ્રણીઓ, કોર્પોરેટરશ્રીઓ, અધિકારીઓ તથા બહોળા પ્રમાણમાં ખેલાડી ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ યોજના અંતર્ગત રેસકોર્ષ ખાતે હયાત માટીના એથ્લેટિક ટ્રેકની જગ્યાએ આધુનિક સિન્થેટિક એથ્લેટીક ટ્રેક બનાવાશે. જેમાં શાળાના બાળકો રમત ગમતના ખેલાડીઓ તથા શહેરીજનોને આધુનિક કક્ષાનું રમત ગમત મેદાન મળશે. ઉપરાંત ખેલાડીઓને પ્રેકટીસ માટે યોગ્ય વાતાવરણ અને શહેરી નાગરીકોને જોગીંગ/વોકીંગ કરવાની આધુનિક સુવિધા પ્રાપ્ત થશે.

## હરિની દૃષ્ટિ...




ત્યાં ફડન-વીસ હમણાં થયા બાકી અહીં તો મોદી-ચાલીસા છે... બોલ ડબલ થયા કે નહીં... !!

## રાંધેજામાં પ્રજ્ઞા પુરાણ કથાની આજે પૂર્ણાહુતિ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લા ગાયત્રી પરિવાર અને સમસ્ત રાંધેજા ગામના ગ્રામજનો દ્વારા શ્રીમદ્ પ્રજ્ઞાપુરાણ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. કથાની પુર્ણાહુતિ આજે કરવામાં આવશે.

ગાંધીનગર તાલુકાના રાંધેજા ખાતે સવિતાબેન પટેલના સૌજન્યથી નવયુગની ગીતા (પ્રપાપુરાણ) કથાનું આયોજન કરવામાં આવ્યું છે. બે દિવસીય કથામાં સમસ્ત રાંધેજા ગામ ઉપસ્થિતરહી કથાનું રસપાન કરે છે. કથામાં પ્રજ્ઞાપુત્રી ડૉ. મમતાબેન પંડીત દ્વારા ભકતોને રસપાન કરાવવામાં આવે છે.

દરરોજ રાત્રે ૮-૦૦ વાગે કથાનો પ્રારંભ થાય છે અને મધ્યરાત્રિ સુધી સંગીત સાથે સુમેળ કરી કથાનું રસપાન કરાવવામાં આવી રહ્યું છે. ગાયત્રી પરીવાર કથાનું મર્મ સમજાવી નાગરિકોને જ્ઞાન પીરસે છે. આજે રાત્રે કથાની પૂર્ણાહુતિ કરવામાં આવશે. મોટી સંખ્યામાં ભકતોને અવસરમાં ભાગીદાર થઈ ભાગ લેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## બીજા શૈક્ષણિક સત્રનો આજથી શુભારંભ : ભારે ઉત્સાહ રહેશે

### દિવાળી વેકેશનના લીધે સુના થયેલા કેમ્પસો વિદ્યાર્થીઓના કોલાહલથી ગુંજશે : મિત્રોને નવા વર્ષની શુભેચ્છા અપાશે

અમદાવાદ, તા. ૯

૨૧ દિવસના દિવાળી વેકેશન બાદ આવતીકાલથી શાળા-કોલેજોમાં બીજા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે. આ સાથે જ છેલ્લા એક મહિના જેટલા સમયથી સાવ શાંત પડેલ શાળા-કોલેજોના કેમ્પસ ફરી એકવાર બાળકોના કોલાહલથી ગુંજી ઉઠશે.

વિદ્યાર્થીઓ વેકેશનના માહોલમાંથી બહાર નિકળીને શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં લાગી જશે તેમજ દિવાળી વેકેશન બાદ પ્રથમવાર મળતા વિદ્યાર્થીઓ પોતાના મિત્રોને નવા વર્ષની શુભેચ્છા પાઠવશે. વેકેશન દરમિયાન દિવાળીના તહેવારની ઉવજણી અને મોજમસ્તી કર્યા બાદ આવતીકાલથી વિદ્યાર્થીઓ શાળા-કોલેજોમાં પરત ફરશે. આવતીકાલે ૨૧ દિવસના લાંબા દિવાળી વેકેશન બાદ શાળા-કોલેજોના સુના કેમ્પસ ફરી એકવાર વિદ્યાર્થીઓના કોલાહલથી ગુંજી ઉઠશે. અમદાવાદ સહિત રાજ્યભરની પ્રાથમિક શાળાઓમાં ૨૦ ઓક્ટોબરથી દિવાળી વેકેશનનો પ્રારંભ થયો હતો ત્યારે છેલ્લા ૨૧ દિવસથી શાળા-કોલેજોના કેમ્પસ વિદ્યાર્થીઓના કોલાહલ વિના સુમસામ ભાસતા હતા. જો કે, આવતીકાલથી આ સુના કેમ્પસો ફરી એકવાર વિદ્યાર્થીઓના કોલહાલથી ગુંજી ઉઠશે. વિક્રમ સંવતના નવા વર્ષમાં પોતાના શાળાના મિત્રોને પ્રથમ વખત મળી રહેલા વિદ્યાર્થીઓ એકમેકને નવા વર્ષની શુભેચ્છા પાઠવી શાળામાં આવકારશે. વેકેશન શરૂ થતાની સાથે જ સ્કૂલ વર્ધી વાન અને સ્કૂલ રિક્શા ચાલકો પણ ફરીએકવાર પ્રવૃત્તિમય બની જશે. જ્યારે શાળાની આજુબાજુ નાસ્તા અને અન્ય પરચુરણ ચીજવસ્તુઓ વેચતા લારીઓ વાળાઓના ધંધા પણ ફરી ધમધમવા લાગશે. આવતીકાલથી વેકેશનનો પ્રારંભ થઈ રહ્યો હોવાથી આજથી જ શહેરની વિવિધ હોસ્ટેલોમાં વિદ્યાર્થીઓનું આગમન થવા લાગ્યું હતું જેના કારણે સુના પડેલી મેસ અને ડાયનિંગ હલ પણ ફરીથી ધમધમવા લાગશે. બીજુ શૈક્ષણિક સત્ર શરૂ થતાની સાથે વિદ્યાર્થીઓ પરીક્ષાની તૈયારીમાં લાગી જશે. સાથે જ શિયાળાની ઠંડીની સાથે સાથે કોલેજોમાં અવનવા ડેની ઉજવણીનો પણ પ્રારંભ થશે. નવેમ્બરના અંતિમ સપ્તાહથી ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં કોલેજોમાં સાડી ડે, કોફી-ચોકલેટ ડે, રોજ ડે, જેવા વિવિધ ડેની ઉજવણીનો પ્રારંભ થશે.

## રાજકોટ ખાતે સમસ્ત પ્રજાપતિ સમાજનો જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગુજરાતમાં પ્રથમવાર પ્રજાપતિ યુથ ફાઉન્ડેશન ગૃપ દ્વારા સમસ્ત પ્રજાપતિ સમાજ માટે જીવનસાથી પસંદગી મેળો યોજવામાં આવશે. ૧ ફેબ્રુઆરી-૧૫ ના રોજ હેમુ ગઢવી હોલ રાજકોટ ખાતે મેળો યોજવામાં આવશે. આ પસંદગી મેળો પ્રેમ કરીને પરણવા કરતા પરમીને પ્રેમ કરાવતો યુવા મેળો છે. યુવક-યુવતિઓએ હિતેશ પ્રજાપતિ - ૮૮૬૬૬૨૫૨૯૨, રવિ પ્રજાપતિ - ૭૮૭૮૯૮૯૮૩૫, દિલીપ પ્રજાપતિ - ૯૫૭૪૫૮૭૫૦૨ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

## નર્સિંગમાં નાપાસ થયેલાઓને આગળના વર્ષમાં પ્રવેશ મળશે

અમદાવાદ, તા. ૯

નર્સિંગની પરીક્ષામાં એક બે વિષયમાં નાપાસ થતાં વિદ્યાર્થીઓને રિલીવ કરવામાંઆવતા હતા જેના કારણે આવા વિદ્યાર્થીઓને આગળના વર્ષમાં પ્રવેશ ન મળતા તેમનું એક વર્ષ બગડતું હતું. જો કે, ચાલુ વર્ષે નર્સિંગના જાહેર થયેલા પરિણામમાંપણ ઘણા વિદ્યાર્થીઓ નાપાસ થયા છે ત્યારે વિદ્યાર્થીઓની માંગને ધ્યાનમાં રાખીને ઈન્ડિયન નર્સિંગ કાઉન્સિલના નિયમની અમલવારી કરી નાપાસ વિદ્યાર્થીઓને રિલીવ ન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

એક મહિના પહેલા જાહેર થયેલા નર્સિંગના પરિણામમાં ઘણા વિદ્યાર્થીઓ એક અથવા બે વિષયમાં નાપાસ જાહેર થયા હતા ત્યારે જો આ નાપાસ વિદ્યાર્થીઓ કોલેજમાંથી રિલીવ કરવામાં આવે તો તેમનું એક વર્ષ સુધઈ અભ્યાસ છોડીને ઘરે બેસવું પડે તેવી સ્થિતિ સર્જાવવા પામી હતી. જો કે, ઈન્ડિયન નર્સિંગ કાઉન્સિલ દ્વારા વર્ષ ૨૦૧૨માં નિર્ણય લેવાયો હતો કે, નર્સિંગમાં વિદ્યાર્થીઓને રિલીવ ન કરવા ત્યારે આ નિયમનો અમલ કરવામાં આવે તેવી માંગ વિદ્યાર્થી દોવારા કરવામાં આવી હતી જેના પગલે નર્સિંગમાં એક બે વિષયમાં નાપાસ થનાર વિદ્યાર્થીઓને રિલીવ ન કરી તેમને આગામી વર્ષમાં અભ્યાસ કરવા દેવા માટે છુટ આપવામાં આવી છે. ઉલ્લેખીય છે કે, ચાલુ વર્ષ નર્સિંગના પ્રથમ વર્ષમાં સાયકોલોજી અને નર્સિંગ ફાઉન્ડેશન વિષયમાં ઘણા વિદ્યાર્થીઓને બહું ઓછી પરિણામ આવ્યુ હોવાનો કચવાટ વ્યક્ત થયો હતો ત્યારે આ પરિણામની યોગ્ય રીતે ચકાસણી કરવામાં આવે તેવી માંગ પણ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી છે.

## જેતપુરમાં હસ્તકલા કુટિર મેળો

ગાંધીનગર, તા.૯

સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગ હેઠળના કુટિર અને ગ્રામોદ્યોગ ખાતાના ઈન્ડેક્ષ-સી દ્વારા રાજયના હાથશાળ,હસ્તકલા અને કુટિર ઉદ્યોગના કારીગરો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓના વેચાણ માટે માર્કેટીંગ પ્લેટફોર્મ પુરું પાડવા રાજયમાં તથા રાજય બહાર પ્રદર્શન સહ વેચાણના કુટિર મેળાનું આયોજન કરવામાં આવે છે. કારીગરોના સામાજિક અને આર્થિક વિકાસ માટે બજાર વ્યવસ્થા પુરી પાડી સતત રોજગારી મળી રહે તે માટે કુટિર મેળાનું આયોજન કરવામાં આવે છે.

ઈન્ડેક્ષ સી દ્વારા તા. ૮-૧૧-૨૦૧૪ થી તા. ૧૩-૧૧-૨૦૧૪ દરમિયાન જીમખાના ગ્રાઉન્ડ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, જેતપુર ખાતે કુટિર મેળાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં હાથશાળ, હસ્તકલા, ચર્મોદ્યોગ, માટીકામ, ભરતકામ, ઈમીટેશન જવેલરી, મોતીકામ, શંખની આઈટમો જેવી વિવિધ કલા કારીગરીના કારીગરો દ્વારા ભાગ લેવામાં આવેલ છે અને બાવન સ્ટોલનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ભાવનગર, રાજકોટ, વડોદરા, સુરેન્દ્રનગર, બોટાદ, જામનગર, દાહોદ, આણંદ, અમરેલી, સુરત, અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા જિલ્લાના કારીગરો દ્વારા વિવિધ ચીજવસ્તુઓનું પ્રદર્શન સહ વેચાણ કરવામાં આવશે. જેતપુરની કલાપારખુ પ્રજા હાથશાળ, હસ્તકલા અને કુટિર ઉદ્યોગની કુટીર મેળામાંથી ખરીદી કરી કારીગરોને પ્રોત્સાહિત કરવા ઈન્ડેક્ષ સીના કાર્યવાહક નિયામકશ્રી સી.જે. પટેલ તથા સિનિયર ઓફીસર (પીપી) શ્રી આર.એસ. ગજજરની સંયુકત યાદીમાં જણાવાયું છે.

## મહિલા સશક્તિકરણના સંદર્ભમાં અને સામાજિક દ્રષ્ટિકોણના સંદર્ભમાં ગરીબી ઉન્મૂલનનો ખ્યાલ

**મહિલા સમાજ અને કાયદો**
ડૉ. ભાવના કે. જોશીપુરા

ગત અંકમાં ગરીબાઈના સંદર્ભમાં કયા કયા તત્વો જવાબદાર છે અને ગરીબાઈને કારણે ઉભી થતી સામાજિક સમસ્યાઓ અંગે આપણે સમજી ગયા હતા. વિશેષ રીતે કહીએ તો લગ્ન વિષયક તકરારના મૂડમાં પણ સામાજિક, આર્થિક પરીબળ જવાબદાર હોવાનું પણ એક કારણ છે. મહિલા સશકિતકરણના સંદર્ભમાં અને સામાજિક દ્રષ્ટિકોણના સંદર્ભમાં ગરીબી ઉન્મુલનનો ખ્યાલ વિશેષ રીતે સમજવો જરૂરી છે. આ સંદર્ભમાં કેટલીક યોજનાઓ સમજવી જરૂરી છે.

ગરીબી નિવારણ માટેની યોજનાઓનું મૂલ્યાંકન :-

ભારતમાં ગરીબી નિવારણ અર્થે તથા ગરીબી રેખા નીચે જીવતા લોકોના જીવનના સુધારા અર્થે વિવિધ પંચવર્ષીય યોજનાઓમાં ઘણા પ્રયત્નો જોવા મળે છે.

મુખ્યત્વે વર્તમાન સમયમાં તેના ત્રણ આયામો જોવા મળે છે :

(૧) સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ - જેમાં પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકાઓ ગરીબી નિવારણ કાર્યક્રમમાં સામેલ થાય અને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે અને તેમાં મુખ્યત્વે નિશ્ચિત કરેલા લક્ષ્યાંકો સાથે કાર્યવિધી અમલમાં મૂકવામાં આવે.

(૨) સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગ સાથે સ્વસહાય જૂથોની સંખ્યા વધારવામાં આવે.

(૩) વર્તમાનમાં અમલમાં રહેલી ગરીબી નિવારણની યોજનાઓને એક છત્ર નીચે લાવી બે કે ત્રણ જેટલા તેના મુખ્ય વિભાગો પાડી અને યોજનાને અસરકારકતા બનાવવામાં આવે છે.

શહેરી ગરીબો માટેના વિકાસ કાર્યકૂમો પર એક નજર :-

(૧) શહેરી આર્થિક પછાત વિસ્તારમાં સુધારા માટેની યોજનામાં કેન્દ્રીય કક્ષાએ ૧૯૭૨ ની સાલથ અને રાજય કક્ષાએ ૭૪ ની સાલથી અમલમાં છે અને તેમાં ખાસ કરીને પાણી પુરવઠા, ગંદાપાણીનો નિકાલ, શૌચાલયો, રસ્તાના કામો, વીજળીકરણ વગેરેનો સમાવેશ થાય છે.

(૨) શહેરી વિસ્તારની પાયાની સેવાઓ (યુ.બી.એસ.) ૧૯૮૬ ની સાલથી યુનિસેફની સહાય વડે આ યોજના અમલમાં આવેલ છે અને સ્ટેઈટ એટલે કે રાજય કક્ષાએ હાલ આ યોજના અમલમાં છે અને તેમાં ખાસ મહિલા મહિલા અને બાળકલ્યાણ તેમજ સામુદાયીક કલ્યાણની સેવાઓ ઉપલબ્ધ કરવાની યોજનાઓનો સમાવેશ થાય છે.

(૩) શહેરી ગરીબો માટે પાયાની યોજનાઓ એટલે કે અર્બન બેઝીક સર્વીસ ફોર પુઅર પણ ૧૯૯૦-૯૧ થી અમલમાં છે.

(૪) ૧૯૮૯ થી અમલમાં આવેલ નહેરુ રોજગાર યોજનામાં વખતો વખત સુધારાઓ થયેલા છે અને સાથોસાથ પ્રધાનમંત્રી રોજગાર યોજના એ અનેક શહેરોમાં ખૂબજ અસરકારક કામગીરી કરેલી છે. ખાસ કરીને શહેરી ગરીબો માટેની સંકલિત ગરીબી નિવારણ યોજના ૧૯૯૬ આસપાસ અમલમાં આવેલ છે અને તેમાં રાજય સરકાર, કેન્દ્ર સરકાર અને સ્થાનિક સ્વરાજયની સ્થાઓ એમ ત્રિવિધ સહકાર સાથે આ યોજના ખાસ કરીને મહાનગર પાલિકા કક્ષાએ કેટલાક અસરકારક પરિણામો લાવી શકે છે.

લોકલ ગવર્નન્સ વૈશ્વિક ઘોષણા :-

લોકલ ગવર્નન્સ ફોરર્મોરા વૈશ્વિક ઘોષણાઓના ભાગરૂપે સોમવાર, ૩ જી જૂન, ૨૦૦૨ ના રોજ ત્રણ મહત્વપૂર્ણ એવી વ્યવસ્થાઓની જાહેરાત કરવામાં આવી છે જે આપણા માટે અત્યંત ઉપયોગી અને પૂસ્તુત બની રહે તેમ છે અને તેનું પ્રથમ બાબતનું મુખ્ય સૂત્ર છે **Sustainable Development through Good Governance** સુશાસનની અંદર લોકશાહી, લોકભાગીદારી, પારદર્શીતા, દીર્ઘદ્રષ્ટિ, અસરકારકતા અને કાર્યક્ષમતા અને આ તમામ બાબતો ગુડ ગવર્નન્સ એટલે કે સુશાસન દ્વારા પ્રાપ્ત કરી શકાય છે.

સ્થાનિક રીતે બીજી અગત્યની બાબત એટલે કે ? **"Sustainable Development through Through of Local Resources"** એટલે કે સ્થાનીય કક્ષાએ

(એ) નૈસર્ગીક સ્ત્રોત

(બી) માનવ આધારીત સ્ત્રોત

(સી) સંસ્થાગત સ્ત્રોત અને

(ડી) માળખાકીય સ્ત્રોત આ તમામ જે સ્ત્રોત એટલે કે રીસોર્સીસ ઉપલબ્ધ હોય તેનો મહતમ ઉપયોગ સ્થાનીય કક્ષાએ થવો જોઈએ.

ત્રીજી બાબતે એટલે કે **"Sustainable Development through Local Poverty Eradication"** શહેરમાં વસતા નાગરીકોની સુખાકારીમાં અને જીવનધોરણમાં સમૃધ્ધિ આવે તે ખૂબ જ જરૂરી છે અને સમૃધ્ધ નાગરીકને કારણે જ સમૃધ્ધ શહેર બનતું હોય છે.

નગર સેવકો શું કરી શકે?

ભારત દેશની અંદર કોઈપણ સફળતા માટે તેના અમલીકરણનો ભાગ ખૂબ જ અગત્યનો છે અને તેથી જ ગરીબી નીવારણ માટે યોજનાઓ અનેક છે, પરંતુ તેનું અસરકારક અમલીકરણ થવું ખુબ જ જરૂરી છે. આ સ્થિતિમાં મહાનગરપાલિકાના ચુંટાયેલા નગર સેવકો ખુબ જ અસરકારક ભૂમિકા ભજવી શકે તેમ છે. હાલમાં પણ કેન્દ્ર કક્ષાએથી ખાસ કરીને આપણા વડાપૂધાને પણ એક સામાન્ય અને ગરીબ વ્યકિતઓને કેન્દ્રમાં રાખી નીતી ઘડવાનો પ્રયત્નો કર્યો છે. સમગૂ સમાજના વિકાસ માટે એક કુટુંબને આર્થિક રીતે મજબૂત કરવા સંદર્ભેસૌથી વધુ મહેનત એદરેક વિસ્તારના ક્રિયાશીલ આગેવાન, લોકસેવક, તેમજ લોકપ્રતિનિધિએ જવાબદારી પૂર્વક કામગીરી બજાવવી રહી. આ સંદર્ભમાં નગર સેવકો શું કરી શકે? તેના વિવિધ આયામો સાથે મળીએ આવતા અંકે....